# ‘સાહેબજી એટલે સહજ વાત્સલ્ય... સહજ કરુણા... સહજ સરળતા...!’

*** પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી મહારાજ**



**સંતભગવંત** સાહેબજી અમૃત મહોત્સવના ભવ્ય શુભારંભ બાદ ૨૦ માર્ચ ૨૦૧૬-દ્વિતીય દિને સવારે શ્રી યોગી યુવા સંસ્કાર સામર્થ્ય અધિવેશન યોજાયું. દેશ-પરદેશમાં વસતાં હજારો યુવાનો-યુવતીઓને અનોખું માર્ગદર્શન સંતો અને અનુભવી મુકતો દ્વારા પૂરું પડાયું. અધિવેશનના પ્રારંભે સફેદ શર્ટ-પેન્ટ અને ભગવો સ્કાર્ફ ધારણ કરેલ ૨૫૦ યુવાનોએ સંતભગવંત સાહેબજીને ભવ્ય સુશોભિત રથમાં બિરાજમાન કરીને શોભાયાત્રા દ્વારા સ્વાગત કર્યું. ૧૯૬૫માં યોગીબાપાની આજ્ઞાથી યુવાન જશુભાઈસાહેબ શાસ્ત્રીજીમહારાજના જન્મશતાબ્દી પર્વે વલ્લભવિદ્યાનગરના એકસરખા પોષાક ધારણ કરેલ ૨૫૦ યુવાનોને અટલાદરામાં સેવાઓ કરવા લઈ આવ્યા.

સાહેબજી અને યુવાનોની આવી હાંહાંગડથલરૂપ ભક્તિ જોઈ યોગીબાપાએ રાજી થઈ આશીર્વાદ આપ્યા તે ઇતિહાસની સ્મૃતિ કરાવતી આ સ્વાગત-શોભાયાત્રા હતી. અધિવેશનની શરૂઆતે અમેરિકા, ઇંગ્લૅન્ડ અને ભારતના યુવાનેતાઓ પૈકી ત્રણ યુવાન સંતો પૂ. આશિષભાઈ, પૂ. જયેન્દ્રભાઈ અને પૂ. શ્રેયસભાઈ; ત્રણ યુવાનો- ચેતનભાઈ, ભાવિનભાઈ, દિવ્યાંગભાઈ; ત્રણ યુવતીઓ શિવાનીબહેન, ભાવિશાબહેન, સીમાબહેને દીપ પ્રગટાવીને અધિવેશનનો આરંભ કર્યો. સૌ મંચસ્થ સંતો અને મહાનુભાવોએ દિવ્ય આશિષ વરસાવી.



યુવા અધિવેશનમાં પ.પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજીમહારાજ આશીર્વાદ અર્પવા પધાર્યા અને તેઓએ લાક્ષણિક શૈલીમાં વિશાળ યુવા સમુદાયને માર્ગદર્શન પૂરું પાડ્યું. વળી, પૂ. અશ્વિનદાદાના પણ રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા, જેમાં તેઓએ સંતભગવંત સાહેબજીના અમૃત માહાત્મ્યની ઝાંખી કરાવી. મનોજભાઈ સોની, ભાવિશાબહેન (યુ.કે.), શ્રુતિબહેન પાઠક (અમદાવાદ), હેતનભાઈ (મુંબઈ), યુવાન સંત પૂ. શ્રીભાઈ (યુ.એસ.એ.), યુવા પ્રવૃત્તિના સંચાલક પૂ. પરેશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં.

અનેક ભાવિક ભક્તોએ શબ્દોમાં ન વર્ણવી શકાય તેવાં કલાત્મક સુંદર હાર, પ્રતિમા, સ્મૃતિચિહ્નો સંતભગવંત સાહેબજીને અર્પણ કર્યાં. અનેક પ્રકારની સેવાઓમાં વ્યસ્ત હોવા છતાં પણ સમય કાઢીને ભવ્ય સ્મૃતિભેટ તૈયાર કરવારૂપી ભક્તિ આ ભક્તોએ ભેગા મળીને કરી હતી. શુદ્ધ ઉપાસનાની મૂળ વાતનો ગોકીરો કરતા સંતભગવંત સાહેબજીએ અંતે રૂડા આશીર્વાદ અર્પણ કરી સૌને ધન્ય કર્યા. યુવા સંસ્કાર સામર્થ્ય અધિવેશનના આ ભવ્ય સત્રમાં ઉપસ્થિત સર્વને ઉન્નત જીવન માટેની પ્રેરણા પ્રાપ્ત થઈ.



''સનાતન ધર્મના ઇતિહાસમાં સાહેબજીએ કર્મ જ્ઞાન અને ભક્તિને અનુપમ રીતે જોડ્યાં છે... આ સદીના આ સહજયોગી સંતને મળવા અમારું મન પણ થનગનતું હોય છે...!''

''આપણા પર પ્રભુ અને પ્રભનસ્વરૂપોની અપરંપાર કૃપા છે... હળીમળીને, નિર્દોષબુદ્ધિ રાખી, એકબીજાના પૂરક થઈ પ્રભુને રાજી કરવા કાર્ય કરીએ... તે માટે સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ દૃઢ થાય તે અનિવાર્ય છે !''



**પ.પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ :**

જે વાત્સલ્ય, માધુર્ય અને પ્રેમ યોગીબાપા અને સાહેબજીમાં છલકાય છે તે તેમના હરિભક્તોનાં વિચાર, વાણી અને વર્તનમાં અનુભવાય ત્યારે તેનાથી મોટું અનુષ્ઠાન આ સંસ્કૃતિનું બીજું શું હોઈ શકે ! સાહેબજી સહજ યોગી છે ! ક્ષમા, દાસત્વ, ભક્તિ, કરુણા આદિ તો તમનામાં સહજ નીતરે છે. સૌના કલ્યાણની તેમની સદ્દભાવના એ અતુલનીય છે ! સાહેબજીનું અનુપમ મિશન ખરા અર્થમાં અનુપમ છે !

**ડૉ. મનોજ સોની :**



ગુરુદેવ યોગીજીમહારાજે યુવાનોને પોતાના હૃદય ગણ્યા. યુવાનોનાં ઘડતર દ્વારા દેશ કે દુનિયા નહિ પણ સમસ્ત માનવજાતના ઉત્થાનનું દિવ્ય કાર્ય યોગીબાપાએ ઉપાડ્યું. તે જ કાર્ય આજે સંતભગવંત સાહેબજી આગળ ધપાવી રહ્યા છે. વેમાર મંદિરનું સર્જન પણ યુવાહૈયે રંગાયેલી ભક્તિનું જ પરિણામ છે. આ યુવા અધિવેશન ઉપદેશાત્મક ઓછું પણ જીવાતા જીવનના અનુભવ કરાવવાનું છે. અને આ અમૃત મહાપર્વની એ જ પ્રાર્થના છે કે, 'હે પ્રભુ ! તારું કાર્ય, તારી રીતે, તને રાજી કરવા કરીએ...'




**ભાવિશાબહેન :**

સૌને પોતાની રીતે જીવન જીવવું છે પણ ભગવાનની રીતે જીવન જીવતાં સાહેબદાદા શીખવે છે. અમારા અંતરમાં વેર-ઝેર છે જે સાહેબદાદા જ ખાલી કરે છે અને તેમાં અમૃતના ભરનારા પણ તેઓ જ છે. નાના પ્રસંગોમાં મોટાં દર્શન કરાવે છે અને આ લોક ને પરલોકનું જ્ઞાન આપી દે છે.

**શ્રુતિબહેન પાઠક :**



અમારાં સંતાનોના ભવિષ્ય અને સંસ્કારની અમને ચિંતા રહી નથી ! સાહેબદાદાના અનુપમી સંતો એ સઘળું સંભાળે છે. અમારાં સંતાનોનાં કૌશલ્યનાં સંવર્ધન અને વિકાસ પણ તેઓ જ કરે છે. વળી, સત્સંગના સંસ્કાર પણ તેઓ જ સીંચે છે. અમારી પણ રક્ષા કરી. અમારું બખ્તર જ એવું ઘડી દીધું કે, સમાજ કે વિષયના પાસ હવે આડા આવતા નથી. અમે ગુરુભક્તિ અદા કરી શકીએ તેવાં બળ અને બુદ્ધિ દેજો દયાળુ !



**હેતનભાઈ :**

અપેક્ષારહિતના પ્રેમનું દર્શન એ જ તો સાહેબદાદાનું જીવન છે ! મને અને મારા ભાઈને જ્યારે સૌથી વધુ પ્રેમ, જતન, કાળજીની જરૂર હતી ત્યારે વણકહ્યે સાહેબદાદાએ એ પૂરાં પાડ્યાં. આપણે એક ડગલું તેમના પ્રતિ ભરીએ તો એ ૯૯ ડગલાં સામા ચાલીને આવે અને પ્રેમમાં ભીંજવી દે ! સાહેબદાદાના નિઃસ્વાર્થ પ્રેમને જેટલા શબ્દોમાં વર્ણવો એટલો ઓછો છે. જીવન અર્પણ કરવું પણ ઓછું છે !



**સંતભગવંત પ.પૂ. સાહેબજી :**



અટલાદરાના સમૈયાની સ્મૃતિ યુવાનોએ કરાવી એ ખરી ભક્તિનું દર્શન છે ! આજે વિચાર કરીએ તો કાકાજી, પપ્પાજી, પ્રમુખસ્વામીજી, હરિપ્રસાદસ્વામીજી જેવા દિવ્ય પુરુષોના સમાગમને પરિણામે અમે બાપાના સ્વરૂપને ઓળખી શક્યા. તેમના માટેનો પ્રેમ હતો એટલે તેમની આજ્ઞા પાળી શક્યા. જીવનને આંતરબાહ્ય કુસંગ અને માયાની લપેટમાંથી સમૂળું પરિવર્તિત કરવા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના એ જ એકમાત્ર માર્ગ છે. આ મંદિર એ ઉપાસનાના જ્ઞાનને વહેતું રાખવા પ્રતિનો, શાસ્ત્રીજીમહારાજ અને યોગીજીમહારાજના કાર્યમાં હોમાવાનો પ્રયાસ છે !




**પૂ. અશ્વિનભાઈ**

ગુરુ યોગીબાપા સાથેનો આસાધારણ પ્રેમ એ જ સંતભગવંત સાહેબજીની અનુપમ ભક્તિ છે. આ અમૃત મહાપર્વ આપણા ગુરુ પ્રતિના પ્રેમને વ્યક્ત કરવાનો મોકો છે. સંતને વિશે પ્રેમ હોય તો માન, ઈર્ષ્યા આદિ વિષય સઘળા છૂટી જાય, પ્રભુની કૃપા પ્રાપ્ત કરી શકાય. એવા દિવ્ય પ્રેમના સૂર સંતભગવંત સાહેબજીએ જીવનભર વગાડ્યા અને આપણે તેનાં મધુર પાન પણ કર્યાં. સાહેબજીના પ્રેમને પરિણામે જીવનપરિવર્તન પામેલા ભક્તોના મહેરામણનાં દર્શન કરવાની આ ધન્ય ઘડી છે.

**પૂ. શ્રીભાઈ :**



સાહેબદાદાએ અમૃત સમાન સંતોની સમાજને ભેટ આપી છે. જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો એકમાત્ર ઉપાય છે સંતનો યોગ. સંતની આજ્ઞા બે હાથ જોડીને પાળવાથી માયા ટળી જાય. યુવાની જિતાઈ જાય. આ મંદિર, સંતો અને ભક્તોના ભાવનાં દર્શન કરીએ તો મસ્તક નમી જાય ! આ બધું જ શક્ય બન્યું સંતના સમાગમને પરિણામે ! જીવનને સાર્થક કરવાનો, ખરા આનંદને પામવાનો આ જ એક માર્ગ છે !



**પૂ. પરેશભાઈ :**

યુવાનો અને બાળકો આજે સહજ ભાવે ગાય છે કે, 'અબ વક્ત હમારા આયા હૈ, કર કે હમ કો દિખલાના હૈ... જિસ રાહ પે આપ ચલે હો, ઉસ રાહ પર કદમ બઢાના હૈ...' આ ભાવના સૌમાં ચરિતાર્થ થઈ જાય તે માટે બળ દેજો ! આપે ઉપદેશ દીધા વગર જ અમને ઉછેર્યા છે, જતન કર્યું છે અને અમારું જીવન સાર્થક કર્યું છે, તેનું ઋણ ચૂકવી ફેરો સફળ કરીએ તેવી આશિષ દેજો !



ગુરુ યોગીબાપાની આજ્ઞાથી સાહેબજી અને યુવાનોએ જે સેવા કરી તે દશ્યને સંતભગવંત સાહેબજી અમૃત મહાપર્વે જીવંત કરતા અનુપમી યુવાનો



ભાવિક ભક્તોની અભિવંદના ઝીલતા પ્રેમમૂર્તિ સંતભગવંત સાહેબજી



સંતોના આશીર્વાદ સાથે યુવા અધિવેશનના દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ



પરમ પૂજ્ય શ્રી દ્વારકેશલાલજીમહારાજનાં દિવ્ય સન્માન



ભારત, અમેરિકા અને ઇંગ્લૅન્ડના સૌ યુવાનોના પ્રતિનિધિઓ દ્વારા દીપપ્રાગટ્ય સાથે ભાવપ્રાર્થનાઓ...



મુંબઈનાં બહેનોનાં ભક્તિભર્યાં અનુપમ ભાવાર્પણ



આત્મીય ભૂલકાંઓનાં સંતભગવંત સાહેબજીને ભાવવંદન





'મારા મનડાના મીત, મારે તુજ સંગ પ્રીત, સ્વામી શ્રીજી મળ્યા છે તારા રૂપમાં...' એ ભાવ સાથે અંકલેશ્વર મંડળની યુવતીઓ અને રૂખીમાસીનાં ભાવાર્પણ



ભૂકંપપીડિત બાળકોના હાથ સંતભગવંત સાહેબજીએ ઝાલ્યા જે આજે સંસ્કારસભર યુવાનો થયા તેઓનાં પ્રેમભાવ અર્પણ



